# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-03-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : SATURDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

******************************************************

1. સરકારે રાજ્યોને વાણિજ્યિક LPG માટે વધારાના 20 ટકા ફાળવણીને મંજૂરી આપી.
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિને ઈદ અને નવરોઝની શુભેચ્છાઓ પાઠવી.
3. નવા આવકવેરા નિયમો 2026 જાહેર: 1 એપ્રિલથી કર પ્રણાલીમાં થશે મોટા ફેરફાર.
4. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું અમેરિકા લશ્કરી કાર્યવાહીના લક્ષ્યોને પ્રાપ્ત કરવાની નજીક છે.
5. ઓર્લિયન્સ માસ્ટર્સ બેડમિન્ટન ટુર્નામેન્ટમાં આજે ભારતની તન્વી શર્માનો સામનો જાપાનની નોઝોમી ઓકુહારા સામે થશે.

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# GOVT-LPG

સરકારે રાજ્યોને વાણિજ્યિક LPG માટે વધારાના 20 ટકા ફાળવણીને મંજૂરી આપી છે, જે હવે વધીને 50 ટકા થશે. આમાં PNG વિસ્તરણ માટે સુધારાઓને સરળ બનાવવાના આધારે 10 ટકા ફાળવણીનો સમાવેશ થાય છે. આ વધારાની ફાળવણી રેસ્ટોરાં, ઢાબા, હોટલ, ઔદ્યોગિક કેન્ટીન, ડેરી, સબસિડીવાળી કેન્ટીન અને રાજ્ય અથવા સ્થાનિક સંસ્થાઓ દ્વારા સંચાલિત અન્ય ક્ષેત્રોને પ્રાથમિકતાના ધોરણે આપવામાં આવશે.

પશ્ચિમ એશિયામાં તણાવ વચ્ચે સરકારના પગલાંને મજબૂત બનાવતા, સરકારે નાગરિકોને ખાતરી આપી છે કે પેટ્રોલ, ડીઝલ અથવા LPG ની કોઈ અછત નથી અને તેમને ગભરાવાની જરૂર નથી તેવી વિનંતી કરી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે રિફાઇનરીઓમાં ઘરેલુ LPG ઉત્પાદનમાં વધારો કરવામાં આવ્યો છે.

# EID-UL-FITR

દેશભરમાં આજે ઈદ અલ-ફિત્ર ખૂબ જ ઉત્સાહ સાથે ઉજવવામાં આવી રહી છે.આજે મુસ્લિમ બિરાદરો એ ઈદગાહ અને મુખ્ય મસ્જિદોમાં ઈદની નમાઝ અદા કરી હતી.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ ઈદ-ઉલ-ફિત્રની નાગરિકોને શુભેચ્છા પાઠવી છે.

સાંભળીએ એક અહેવાલ...

(BYTE - ARJUN)

# PM-IRAN PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઈરાનના રાષ્ટ્રપતિ ડૉ. મસૂદ પેઝેશ્કિયાન સાથે વાત કરી અને ઈદ અને નવરોઝની શુભેચ્છાઓ પાઠવી. બંને નેતાઓએ આ તહેવારો દરમિયાન પશ્ચિમ એશિયામાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિની કામના કરી.

પ્રધાનમંત્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશ માં આ પ્રદેશમાં મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓ પર થયેલા હુમલાઓની નિંદા કરી. તેમણે નેવિગેશનની સ્વતંત્રતાનું રક્ષણ કરવાના મહત્વ પર ભાર મૂક્યો. પ્રધાનમંત્રીએ કહ્યું કે શિપિંગ લેન ખુલ્લા અને સુરક્ષિત રાખવા જોઈએ. શ્રી મોદીએ ઈરાનમાં ભારતીય નાગરિકોની સુરક્ષા માટે ઈરાનના સતત સમર્થનની પ્રશંસા કરી.

# PM-ARTICLE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલનો જળ-સુરક્ષિત ભવિષ્ય પ્રાપ્ત કરવા માટે ભારતના વ્યાપક અભિગમની રૂપરેખા આપતો એક લેખ શેર કર્યો છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશ માં કહ્યું કે આ લેખ ભાર મૂકે છે કે પાણી વ્યવસ્થાપન પ્રત્યે ભારતનો અભિગમ સંરક્ષણ, ટકાઉ ઉપયોગ અને સક્રિય સમુદાય ભાગીદારીના પાયા પર આધારિત છે. તેમણે કહ્યું કે જળ શક્તિ મંત્રાલયની રચનાથી સમગ્ર દેશમાં સર્વાંગી અને સંકલિત જળ વ્યવસ્થાપન તરફ નિર્ણાયક પરિવર્તન આવ્યું છે.

# RAJNATH SINGH-UTTARAKHAND

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું છે વિશ્વ કટોકટીના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા હુમલાઓ માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે ચિંતાનો વિષય છે.પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષથી ઉદ્ભવતા સંભવિત ઉર્જા અને ખાદ્ય સંકટ અંગે તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, દેશ અત્યાર સુધી આવા સંકટોથી મોટાભાગે સુરક્ષિત રહ્યો છે. શ્રી સિંહ ઉત્તરાખંડ સરકારના ચાર વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે હલ્દવાધાનીમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરી રહ્યા હતા.

(BYTE –RAJNATH SINGH)

# INCOMETAX

સરકારે દેશની કર પ્રણાલીને વધુ સરળ અને પારદર્શક બનાવવાના હેતુથી નવા 'આવકવેરા નિયમો, 2026' ને સત્તાવાર રીતે સૂચિત કર્યા છે. 1લી એપ્રિલથી અમલમાં આવનારા આ નવા નિયમોનો મુખ્ય ઉદ્દેશ્ય નિયમોની સંખ્યા ઘટાડીને કર પ્રક્રિયાઓને સરળ બનાવવાનો અને કડક જાહેરાતો દ્વારા કરદાતાઓનું પાલન વધારવાનો છે. આ નિયમો સીધા કરવેરા હેઠળની પ્રક્રિયાગત પ્રણાલીઓમાં ઐતિહાસિક ફેરફાર દર્શાવે છે.

નવા માળખા હેઠળ, તમામ કંપનીઓએ હવે ફરજિયાતપણે શેર રજિસ્ટર જાળવવા પડશે અને ભારતમાં જ ડિવિડન્ડ ચૂકવવાનું રહેશે. આ નિર્ણય ડિવિડન્ડ વિતરણ પર સરકારનું મજબૂત સ્થાનિક નિયંત્રણ સુનિશ્ચિત કરશે.

નિર્દેશો મુજબ, સ્ટોક એક્સચેન્જોએ હવે 7 વર્ષ સુધી વ્યવહારોના ઓડિટ ટ્રેલ્સ જાળવી રાખવા પડશે.

આવકવેરા નિયમો, 2026 થી સમગ્ર કરવેરા વિવાદોમાં નોંધપાત્ર ઘટાડાની સાથે  કાયદાનો અમલ સંગીન બનશે તેવી અપેક્ષા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# BJP- KERALAM 3RD LIST

ભારતીય જનતા પાર્ટીએ કેરળ વિધાનસભા ચૂંટણી માટે 11 ઉમેદવારોની ત્રીજી યાદી જાહેર કરી છે. જેમાં કોવલમથી ટી.એન. સુરેશ, પીરુમાડેથી વી. રતીશ, માવેલીક્કારાથી અજીમોન, અરુવિક્કારાથી વિવેક ગોપન અને ચાવરાના કે.આર. રાજેશનો સમાવેશ થાય છે.

ભાજપે પુડુચેરી વિધાનસભા ચૂંટણી માટે નવ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. મન્નાડીપેટથી એ. નમસ્સ્વયમ, કાલાપેટથી પી.એમ.એલ. કલ્યાણસુંદરમ, તિરુનાલ્લુરથી જી.એન.એસ. રાજશેખરન અને માહેથી એ. દિનેશનને ઉમેદવાર બનાવાયા છે.

ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ ઉમેદવારોને અંતિમ સ્વરૂપ આપ્યું છે. 140 સભ્યોની કેરળ વિધાનસભા માટે મતદાન 9 એપ્રિલે અને મતગણતરી 4 મેના રોજ થશે.

# VP-MUMBAI

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને કહ્યું કે કુશળ કાર્યબળને સશક્ત બનાવીને, ભારત ફક્ત તેના આર્થિક ભવિષ્યને જ નહીં પરંતુ વિશ્વને પણ યોગદાન આપી રહ્યું છે. મુંબઈમાં રતન ટાટા મહારાષ્ટ્ર સ્ટેટ સ્કિલ્સ યુનિવર્સિટીના પ્રથમ દીક્ષાંત સમારોહને સંબોધતા, તેમણે આ પ્રસંગને કુશળ માનવ સંસાધનોનું વૈશ્વિક કેન્દ્ર બનવા તરફની ભારતની યાત્રામાં એક સીમાચિહ્નરૂપ ગણાવ્યો.

તેમણે વિદ્યાર્થીઓને રાષ્ટ્રનિર્માણ અને 2047 માં વિકસિત ભારતના વિઝનમાં યોગદાન આપવા ની સાથે ડિગ્રીઓ રોજગાર તરફ દોરી જવી જોઈએ અને  કૃત્રિમ બુદ્ધિમત્તા જેવી ઉભરતી તકનીકો વિશે જાણકાર બનવા અને સોફ્ટ સ્કિલ વિકસાવવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો.

ઉપરાષ્ટ્રપતિએ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રકો અર્પણ કર્યા અને યુવાનોને કૌશલ્યવાન બનાવવામાં તેમના યોગદાન બદલ ત્રણ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનું સન્માન કર્યું. આ પ્રસંગે "સે નો ટુ ડ્રગ્સ" અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું.

# JITENDRA-SUMMIT

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે કહ્યું છે કે, ભારત એક મજબૂત ફાર્મા અર્થતંત્ર તરીકે ઉભરી રહ્યું છે. શ્રી સિંહે કહ્યું કે ભારતનું આરોગ્યસંભાળ અને તબીબી ટેકનોલોજી ઇકોસિસ્ટમ એક મોટા પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે, જેમાં વૈશ્વિક ગુણવત્તા ધોરણો, સ્વદેશી નવીનતા અને ઉદ્યોગ સાથે સંશોધનનું સંકલન પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

શ્રી સિંહે કહ્યું કે છેલ્લા દાયકામાં, ભારતે આરોગ્યસંભાળ ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન જોયું છે, જે મુખ્યત્વે આયાત-આધારિત સિસ્ટમથી સ્વદેશી ક્ષમતાઓ ધરાવતી સિસ્ટમ તરફ આગળ વધી રહ્યું છે.

# TRUMP- IRAN WAR END (INCLUDES EP-II STORY- IRAN-WAR END )

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે અમેરિકા ઈરાન સામેના પોતાના લશ્કરી અભિયાનનો અંત લાવવાનું વિચારી રહ્યું છે. શ્રી ટ્રમ્પે સોશિયલ મીડિયા સંદેશ માં જણાવ્યું કે અમેરિકા પોતાના લક્ષ્યો હાંસલ કરવાની નજીક છે. તેમણે સંકેત આપ્યો હતો કે અન્ય દેશોએ હોર્મુઝ સ્ટ્રેટને સુરક્ષિત કરવા માટે આગળ આવવું જોઈએ. શ્રી ટ્રમ્પે ચેતવણી પણ આપી હતી કે કોઈપણ વિક્ષેપ વૈશ્વિક ઉર્જા સંકટનું કારણ બની શકે છે.

દરમિયાન, ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ જણાવ્યું હતું કે ઈરાન યુદ્ધનો સંપૂર્ણ, વ્યાપક અને કાયમી અંત ઇચ્છે છે પરંતુ યુદ્ધવિરામ તેને અ સ્વીકાર્ય છે, શ્રી અરાઘચીએ યુએસ-ઇઝરાયલી હુમલાઓને ગેરકાયદેસર અને ઉશ્કેરણી વિનાના આક્રમણ ગણાવ્યા હતા અને આંતરરાષ્ટ્રીય સમુદાયને પગલાં લેવા વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે યુદ્ધના કોઈપણ ઉકેલમાં ભવિષ્યના હુમલાઓ સામે ગેરંટી અને નુકસાન માટે વળતરનો સમાવેશ થવો જોઈએ.

શ્રીઅરાઘચીએ કહ્યું ઈરાન હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા જાપાની જહાજોને સુવિધા આપવા માટે તૈયાર છે.તેમણે બ્રિટનને યુદ્ધમાં જો તેની સંડોવણી વધશે તો બદલો લેવાની ચેતવણી પણ આપી હતી.

# BRITAIN-DIEGO GARCIA ATTACK

બ્રિટને હિંદ મહાસાગરમાં ડિએગો ગાર્સિયા ટાપુ પર ઈરાનના મિસાઈલ હુમલાની કડક નિંદા કરી છે. ઈરાનથી આશરે 2,500 માઈલ દૂર સ્થિત બેઝની કેટલી નજીક મિસાઈલો પડી તે સ્પષ્ટ નથી.

બ્રિટિશ સંરક્ષણ મંત્રાલયે આજે જણાવ્યું હતું કે સમગ્ર પ્રદેશમાં ઈરાનના હુમલાઓ અને હોર્મુઝ સ્ટ્રેટને બંધક બનાવવાથી બ્રિટિશ હિતો અને સાથીઓ માટે ખતરો છે. ઈરાન પર યુએસ-ઇઝરાયલી હુમલાઓમાં બ્રિટન ભાગીદાર નથી. જો કે, તેણે યુએસ બોમ્બર્સને ઈરાની મિસાઈલ સ્થળોને નિશાન બનાવવા માટે બ્રિટિશ લશ્કરી થાણાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે.

# BADMINTON

ફ્રાન્સમાં આજે ઓર્લિયન્સ માસ્ટર્સ બેડમિન્ટન ટુર્નામેન્ટના મહિલા સિંગલ્સ સેમિફાઇનલમાં ભારતની તન્વી શર્માનો સામનો જાપાનની નોઝોમી ઓકુહારા સામે થશે. અન્ય સેમિફાઇનલમાં, ભારતની ઇશારાની બરુઆ આજે રાત્રે થાઇલેન્ડની પિચામોન ઓપ્ટાનીપુથ સામે રમશે .

# SAUDI ARABIA-SERVICES

સાઉદી અરેબિયામાં ભારતીય દૂતાવાસ આજે દમ્મામ, જુબૈલ અને હેઇલ ખાતે ભારતીય સમુદાયના સભ્યોને કોન્સ્યુલર અને ચકાસણી સેવાઓ પૂરી પાડી રહ્યું છે. દૂતાવાસે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે દૂતાવાસની મુલાકાત લેતા ભારતીય સમુદાયના સભ્યોની કોન્સ્યુલર સેવા સમસ્યાઓનું સંતોષકારક રીતે નિરાકરણ કરવામાં આવી રહ્યું છે.